ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ચિત્ત !તું શીદ ને ચિંતા ધરે ?
કૃષ્ણને કરવું હોય તે કરે....
સ્થાવર-જંગમ જડ-ચેતનમાં માયાનું બળ ઠરે;
સ્મરણ કર શ્રી કૃષ્ણચંદ્ર નું, જનમ-મરણ-ભય હરે.
થનાર વસ્તુ થયા કરે જયમ, શ્રીફળ પાણી ભરે;
જનાર વસ્તુ એણી પેર જાશે, જયમ ગજ કોઠું ગરે.

- દયારામ

### પાથેય

- રમેશ ઠક્કર

## હરી કરે તે ખરી !

ચિંતા એ ડાકણ છે.જે નિર્મમ રીતે માણસને ફાડી ખાય છે.ગમે તેવા આરામદાયક ખાટ ઉપર સૂતેલો માણસ જો ઉચાટ અનુભવતો હોય તો એ નીંદરનો આનંદ લઈ શકતો નથી..ભય,ઉચાટ,દહેશત કે અસલામતી એ ચિંતા માટેનાં હાથવગાં હથિયારો છે..આપણે સહુ એક ધારણા સાથે જીવીએ છીએ અને એમાં મુખ્યત્વે સુખની કે ખુશીઓની કલ્પના રહેલી હોય છે..જગતમાં ધારણા મુજબ કશું જ થતું નથી..ન જાણ્યું જાનકી નાથે કાલે સવારે શું થવાનું છે..એવી ઉકિત ઘણું સૂચવી જાય છે..અપેક્ષા મુજબ જો સુખ નહીં મળે તો ? ધારણા મુજબ જો સફળ ના થવાયું તો ? આવા વિચારો જ માણસને ચિંતા તરફ ધકેલી છે..જીવનનો સહજ સ્વીકાર જો શીખી લઈએ તો ચિંતા ચોંટતી હોતી નથી !

ચિંતા સાર્વત્રિક છે..એના વિશે ઘણું લખાયું છે..એ નિર્બળતાની નિશાની પણ છે.જે માણસ ભય રહિત હોય છે એને કોઈપણ પ્રકારની ચિંતા સતાવતી હોતી નથી..ભયમુક્ત થવા શું કરવું ? કવિ કહે છે એમ આ જગત નિયતિને એટલે કે ઈશ્વરને આધીન છે એમ સ્વીકારી લેવું..જે કંઈ થાય છે એ કૃષ્ણ કે ભગવાનની મરજી મુજબ થાય છે..આપણે કર્મ કરતા રહીએ..જે કંઈ ફી આપશે એ ઉપરવાળો આપશે..એને જે કરવું હશે એ જ કરશે..આટલી સમજ જો આવી જાય તો માણસને કોઈ ઉચાટ સતાવતો હોતો નથી. કોઈકે ચિંતા વિશે બહુ સરસ લખ્યું છે 'ચિંતન કરવું પણ ચિંતા ન કરવી જોઈએ. ચિંતા ચિતા સમાન છે ચિતા તો મૃત શરીરને બાળે છે જ્યારે ચિંતા જીવંત શરીરને, મનુષ્ય ને ધીમે ધીમે બાળે છે. ચિંતા કર્યા કરવી એ મુર્ખતા ની નિશાની છે,અજ્ઞાનતા જેમનામાં વધારે એમને એટલી જ ચિંતા વધારે.જે થવાનું છે એ થઈ ને જ રહેવાનું છે તો મનવા ચિંતા શાને... 'જે વસ્તુ કે સમસ્યા આપણા હાથમાં નથી એ કાર્ય ની ચિંતા ક્યારેય ન કરવી જોઈએ કારણકે એ લાખ કોશિશ કરવાથી પણ આપણાથી નહીં થાય ગજા બહારનું છે તો એના માટે ચિંતા છોડી દેવી અને બીજું કે જે કાર્ય આપણાથી થાય એમ છે એના માટે મહેનત કરીને પણ કાર્ય પાર પાડવું અથવા થોડા સમયની રાહ જોવી અને જ્યાં આપણી ભુલ થતી હોય એ તપાસી અને કાર્ય આગળ વધારી શકાય પણ એના માટે ચિંતા તો ન જ કરાય.'

'ચિંતા માણસને કોરી ખાય છે મોઢા પર નુર નથી રહેતું અને જીવતી લાશ ફરતી હોય એવી માણસ ની દશા થાય છે માટે બધી જ ચિંતાઓ નું પોટલું હરિના ચરણોમાં ધરી અને આપણે આ જીંદગી ને સુખ ચેનથી આનંદથી જીવવી.ભગવાને દરેક માણસને આનંદ અને મોજથી રહેવા માટે મોકલ્યો છે પણ માણસ પોતાની જાતે જ બોજ લઈને ફર્યા કરે છે.અને જાતે જ દુ:ખી થાય છે.'

માણસ જો જીવનના ક્રમને સમજયા વગર..ચિંતા થકી જ જો જીવતો રહે થો એનું જીવન દોઝખ બની જાય..જે કંઈ થશે એ સારૂં જ થશે...ઈશ્વરની ઈચ્છા મુજબ જ થશે એવી શ્રધ્ધા રાખનાર જ જિંદગીનો સાચો આનંદ લઈ શકતો હોય છે.

# રોડ શોનું રાજકારણ : ભ્રમમાં રાખવાના કારસા

સમય સાથે રાજકારણ પર રંગ બદલતું રહે છે. 'હોરી વરશિપ' - નાયકપૂજા ભારતીય પ્રજાના ગુલામ માનસમાં આદિકાળથી વણાઈ-રસાઈ ગયેલ છે. પ્રજાને રાજાનાં દર્શન ગમે છે, એનાં યશોગાન કરવામાં એને આનંદ મળે છે. એટલે લંકાવિજય કરીને આવેલા રામથી લઈ વિશ્વનેતાઓને ઘર આંગણે બોલાવી પ્રદર્શનની આઈટમ બનાવતા મોદી સુધીના મહાનાયકોની રાજમાર્ગો પરથી પસાર થતી સવારી નિહાળી એ ધન્યતા અનુભવી રહી છે. લોકશાહીમાં જે 'લોક' શબ્દ છે તે બેરીકેડની પાછળ, પોલીસની સૂચના મુજબ સલામત અંતરે જ ઊભું રહેવા સરજાયેલું છે. ઘણી વાર તો આવા 'લોક'ને આયોજનપૂર્વક ભેગું કરવું પડે છે, પડીકાં વહેંચવા પડે છે. આખરે 'લોક' દ્વારા નિયુક્ત શાહી સવારી પર નીકળેલ રાજાને એની પોલીસ સહિતના પ્રશાસનતંત્રે પણ પ્રતીતિ કરાવતા રહેવું પડે છે કે લોક એને ચાહે છે, એનો જયજયકાર કરે છે. આ રોડ શો અત્યાર સુધી દેશી નેતાઓ પૂરતા સીમિત હતા, મોદીએ એમની શોમેનશિપનો ચમત્કાર દાખવી અન્ય દેશોના નેતાઓને પણ ગરમીમાં શેકાતાં શેકાતાં પોતાનાં વફાદાર પ્રજાજનો સમક્ષ મદારીનાં માંકડાંની જેમ રજૂ કરવાની નવી શૈલી સિદ્ધ કરી બતાવી છે. ગુજરાત એમના માટે રાજકીય પ્રયોગશાળા બની રહ્યું છે. ગુજરાતની પ્રજાને એમને ઘેલી કરી મૂકી છે.

**તંત્રીસ્થાનેથી...**

મહાનગરોના ભણેલા ગણેલા, સાધનસંપન્ન વર્ગથી લઈ અંતરિયાળ દિયોદર પંથકની અભણ પશુપાલક સ્ત્રીઓ એમને એક સરખો આદર આપે છે અને એમનાં ડગલેને પગલે ઓવારણાં લેતી રહે છે. આવી સિદ્ધિ કયારેક પંડિત જવાહરલાલ નહેરુની રાજનીતિમાં હતી. એ વખતે એમની સામે આતંકવાદીઓનો ભય નહોતો એટલે તેઓ ચાલુ સભામાં બેરીકેડ કૂદીને સભામાં ખલેલ પહોંચાડતા નાગરિકને તમાચો ઝીંકી શકતા હતા અને પ્રશંસકો પર પોતાના ગળામાં પડેલા ફૂલહાર ફેંકી શકતા હતા. મોદી મહદંશે નહેરુનું જ અનુકરણ કરવા લાગે. નહેરુ પણ કેનેડી અને બ્રેઝનેવ કે તત્કાલીન અન્ય વિશ્વનેતાઓની લગોલગ વિશ્વનેતાનું બિરુદ પામ્યા હતા. ત્યારે તો ભારત ગરીબીમાં સબડતું રાષ્ટ્ર હતું પરંતુ એની પાસે મહાન સાંસ્કૃતિક - વારસા ઉપરાંત ગાંધીની અહિંસા અને સત્ય વાળી મૂડી હતી. વર્તમાન શાસકો ગાંધીને હાંસિયે મૂકીને ચાલવાનો પ્રયાસ કરે છે પરંતુ વિશ્વ તો હજી પણ દેશને ગાંધીના દેશ તરીકે ઓળખે છે. મોદી આ સત્ય સુપુરે સમજતા હોઈ ગાંધી વિરોધી હિંદુત્વનું પૂરું સમર્થન મેળવતાં હોવા છતાં દરેક વિશ્વનેતાને ગાંધી આશ્રમની મુલાકાત કરાવે છે. નહેરુને ભૂંસી નાખી સરદાર પટેલને પ્રસ્થાપિત કરવામાં પણ એમને મહદંશે, હિંદુત્વવાદી બહુમતી પૂરતી તો સફળતા સાંપડી જ છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે અને તે જીતવી મોદી માટે અનિવાર્ય છે. આથી તેઓ ગુજરાતના મતદાતાઓ પર પોતાનો જાદુ પાથરવાની કોઈ તક જવા દેતા નથી. એથી ગુજરાતમાં વિકાસકાર્યોમાં પણ વેગ આવ્યો છે. આખરે પ્રજાને બીજું જોઈએ પણ શું ? જામનગરને વૈશ્વિક આરોગ્યલક્ષી ઓળખ સાંપડે અને બનાસ ડેરી પાલનપુર બહાર દિયોદર પંથકમાં બીજું યુનિટ ઊભું કરે બલકે વારાણસી લગી વિસ્તરે એથી સ્વાભાવિક રીતે જ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં વર્તમાન શાસકોનો જયજયકાર જ થાય. એ જયજયકાર સ્થાનિક નેતાગીરીને કારણે નહીં પણ ગુજરાતમાં બાર વર્ષ શાસન કરી દિલ્હી પર ભગવો ફરકાવનાર વડનગરના પોતીકા જણ થકી થયાનો અહેસાસ ગુજરાતની ગુણિયત પ્રજા રોડ શોના તાયફાને આવકારીને દાખવે તો એમાં કશું ખોટું નથી.

# માણસ પાસે ચાંચ નથી અને પાંખ પણ નથી છતાં એ ચંચૂપાત અને પક્ષપાત બંને કરે છે

**જાહરે તારા પાયા ગળશે**
**જાજા રે આંતરડી કળશે**
**મોલ-બગીચા ભડકે બડશે**
**જોજો રે મારા શરાપ ફળશે**
**દુબળાને કનડીને તેં તો ખોયું તારું મૂલ**
**કે ઊગશે રાતા સૂરજફૂલ...**
**કે ઊગશે રાતા સૂરજફૂલ....**

**- પારૂલ ખખ્ખર**

છેલ્લા બે મહિનાથી રશિયાનું તાંડવ નૃત્ય... પુતિનનો નગ્ન નાચ - દુનિયા આખ્ખી દંગ થઈ નિહાળી રહી છે!

ટી.વી પડદે યુક્રેનની ખુવારી - ખામોશી નિહાળી હું ભીતરથી હમચમી જાઉં છું. હમણાં વોટ્સએપ પર એક સરસ મેસેજ આવ્યો છે કે, 'યુદ્ધ એવી સ્થિતિ છે જેમાં યુવાન લોકો જેઓ એકબીજાને ઓળખતા નથી, નફરત નથી કરતા એ એકબીજાને મારે છે, એમને એવા આદેશ તે લોકો આપે છે જેઓ એકબીજાને ઓળખે છે. એકબીજાને નફરત કરે છે. પરંતુ એકબીજાને મારતા નથી.'

યુદ્ધ કરતાં વધુ કરાલ-કરૂણ કોરોનાની બિભીષિકાએ દુનિયા આખ્ખીને સમજાવી દીધું કે આખરે 'મહાસત્તા' કોણ છે. તોય આ કેવી હોડ જામી છે?!! કુદરતી આપદાઓ અટકાવી ન શકીએ એ કબૂલ પણ યુદધ તો નિવારી શકીએ ને!

કેવી સરસ આ દુનિયા.... વિસ્તરેલું વિજ્ઞાન, અત્યાધુનિક ટેકનોલોજીનો દબદબો.... અવનવી શોધો.... પરમપિતાથી સવાયા થવા મથતા માનવબાળ.... ત્યારે આવી દુનિયાને ખેદાનમેદાન કરવાની માનસિકતા સાચે જ ક્રૂર - ઘાતકી જ ગણાય. યુદ્ધ કરી નાખીએ - એ બોલવું સહેલું છે - યુદ્ધ નોંકરી બેઠા પછી તો વિનાશ જ વિનાશ ... અને ત્યાર પછીના સામાજિક - આર્થિક પડકારો અકલ્પનીય - ધ્રુજાવી નાખે એવા...દેશ દાયકાઓ પાછળ ધકેલાઈ જાય...

અહિંસા, શાંતિ, સદ્ભાવ, ભાઈચારો, શાંતિમય સહઅસ્તિત્વ, વિશ્વકુટુંબની બારાક્ષરી ગોખી રહેલી માનવજાતની સામે પોતાનો કક્કો (ખરો!) ઘૂંટવામાં મસ્ત ધૂર્ત શાસકો - જગત આખાની ઊંઘ હરામ કરી દે છે. ઉન્માદી માતેલા સાંઢ જેવા યુદ્ધખોરો વગર વાંકગુને નિર્દોષોને પાયમાલ કરી દે છે. સુખચેનથી જીવનારાંઓ વેરવિખેર ભયભીત થઈ માત્ર શ્વસી જ રહે છે. અકથ્ય વેદનાના કાળમીંઢ ખડકોમાં ઢબુરાયેલી માણસાઈ ટૂંટીયું વાળીને છેલ્લા શ્વાસ લઈ રહી હોય - ને જગત આખું તમાશો જોયા કરે.... એ કેવું ?!!




બબ્બે વિશ્વયુદ્ધો થયાં તે પહેલાં અને પછી પણ ખેલાતાં જ રહ્યાં છે... હાર્યા-જીત્યા, લાખો હણ્યા-હણાયાં.... આ યુદ્ધ ખોરોની 'યુદ્ધ હેકડી' કોણ બંધ કરશે...?!

૧૯૪૫માં યુ.એન. (UN) ની સ્થાપના કરીને જાહેર કર્યું... વૈશ્વિક શાંતિ અને સલામતી જાળવી દેશો-દેશો-દેશો વચ્ચે મૈત્રીભર્યા સંબંધો વિકસાવવાના, રાષ્ટ્રો વચ્ચેના સંઘર્ષોને સહકાર અને સુલેહથી નિપટાવવાના, માનવઅધિકારોનું રક્ષણ, આંતરરાષ્ટ્રીય કાનૂનોની જાળવણી કરી ટકાઉ વિકાસના માર્ગે આગળ વધવું... આ સૂફિયાણી વાતોમાં કદાચ થોડે અંશે સફળથા પણ મળી હશે પરંતુ બે દેશો વચ્ચેના સશસ્ત્ર સંઘર્ષને અટકાવવામાં વામણા સાબિત થયા એ તો સ્પષ્ટ જ છે.

વિજ્ઞાને દેશ-કાળના સીમાડા ભૂંસી 'વસુદૈવ કુટુમ્બકમ્' નો અહેસાસ કરાવ્યો પણ આ માનવજાતે આત્મસાત કર્યો નથી... વિશ્વના દરેક ક્ષેત્રના પ્રબુદ્ધઓ એ નક્કી કરવું પડશે કે વિનાશક શસ્ત્રો સર્જી - વેપાર કરવો કે નિઃશસ્ત્રીકરણના માર્ગે આગળ વધવું... આપણા રાષ્ટ્રીય શાયર મેઘાણીજીએ તો ગાયું છે;

'ભાઈ મારા, ગાળીને તોપગોળો, ઘડો સઈ-મોચીના સંચ બહોળા,
ઘડો રાંક રેંટુડાની આરો, ઘડો દેવ તંબૂરાના તારો....
હો એરણ બહેની...'

દોસ્તો, ધરતી પરનો પ્રત્યેક માનવી પોતે અને પોતીકાંને સુખી કરવા મથતો હોય છે, એ માટે ડગલેને પગલે ઝઝૂમતો હોય છે... સુખ-ચેનથી જીવવા માટે.... અસ્તિત્વ ટકાવવા ...!!!

મિત્રો, સમય સાદ કરી રહ્યો છે, આપણી પોતીકી ઈચ્છા શક્તિને ધૂર્તશાસકોના પટારે ગીરવે મૂકી ઘસડાયા વિના રચનાત્મક માર્ગે આગળ વધવું હિતાવહ છે.

આખરે યુદ્ધ એટલે દુ:ખ, પીડા અને સંઘર્ષ... કવિ મહમૂદ દરવેશના શબ્દોમાં....

એક દિવસ યુદ્ધ સમાપ્ત થઈ જશે,
નેતાઓ હાથ મિલાવશે.
અને એક યુદ્ધા શહીદ થઈ ચૂકેલ દીકરાની રાહ જોશે.
બાળખો રાહજોશે પોતાના બહાદુર પિતાની...
મને નથી ખબર, મારું વતન કોણ વેચ્યું.
પણ મેં જોયું છે કે એની કિંમત કોણે ચૂકવી છે!

**સ્પર્શમણિ :**

**માણસ પાસે ચાંચ નથી અને પાંખ પણ નથી છતાં એ ચંચૂપાત અને પક્ષપાત બંને કરે છે.**

• • •

**પ્રામાણિકતાનું શું આવે ? નિરાંતે ઊંઘ આવે.**

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

### દિન મહિમા

- વર્લ્ડ ક્રીએટીવ એન્ડ ઈનોવેશન ડે
- નેશનલ સિવિલ સર્વિસ ડે
- શકુંતલા દેવીની પુણ્યતિથિ - માનવ કમ્પ્યુટર તરીકે પ્રખ્યાત.
- મોહમ્મદ ઈકબાલની પુણ્યતિથિ - સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારાં... જેવી એમની અમર રચના આજે પણ એક મિસાલની જેમ લોકહૈયે ગૂંજતી રહે છે.

### આજનું ઔષધ

- એલચીને આમળાના ચૂર્ણ સાથે લેવાથી શરીરની બળતરા પગના તળીયાની બળતરા મટે છે.

### ખડખડાટ

- ગજબ છે
પત્ની : સાંભળી લો હું મહીલા છું મેગી નઈ કે ૨ મિનિટમાં તૈયાર થઈ જાઉં...
પતિ : તો હું પણ કંઈ ડોમિનોઝનો પિઝા ડિલિવરી બોય નથી કે ૩૦ મિનિટમાં ઘરે આવી જાઉં.

### આજનો વોટ્સએપ

- જિંદગીની સૌથી મોટી ખુશી એ કામ કરવામાં છે જેને લોકો કહે છે તમે નઈ કરી શકો...!

# એકની એક દિકરીનો બે દિવસ પછી જન્મદિવસ હતો

સવારથી જ પતિ-પત્ની હરખભેર આયોજન કરવા માંડ્યાં હતા. એકની એક દિકરીનો બે દિવસ પછી જન્મદિવસ હતો.

રિયા નરોત્તમભાઈ અને સુશીલાબેનનો દિકરો કહો તો દિકરો અને દિકરી કહો તો દિકરી- બંને હતી. અને એટલે જ નરોત્તમભાઈએ એના લાડકોડ પૂરા કરવામાં કંઈ બાકી રાખ્યું નહોતું. રિયા પાણી માંગે તો એને દૂધ મળતું હતું. અને દૂધ માંગે તો દૂધપાક મળતો હતો.

અત્યાર સુધી રિયાના જન્મદિવસની શરૂઆત ઘરમાં પૂજાથી થતી હતી. તે પછી એને ભાવતી પૂરણપોળી સુશીલાબેન હોંશથી બનાવતાં. પડોશીઓને પણ એનો લાભ મળતો. સુશીલાબેન આસપાસમાં આગ્રહપૂવક પૂરણપોળી પહોંચાડતાં. દિવસ આખો આનંદમાં પસાર થઈ જતો. સાંજ પડે રિયાની કેટલીક બહેનપણીઓ ઘરે આવતી. નરોત્તમભાઈ અને સુશીલાબેન પ્રેમપૂર્વક બધાંને આવકારતાં. મિત્રમંડળ ઊછળતું-કૂદતું ખાણી-પીણી ઘરે જ કરીને છૂટું પડતું.

જો કે નરોત્તમભાઈની સ્થિતિ સાધારણ હતી. પણ પ્રશ્ન જ્યાં રિયાની ખુશીનો આવે ત્યાં પૈસાની બધી સગવડ થઈ જતી. મા-બાપ દિકરીના ચહેરા ઉપર ઉદાસીની એક પણ લકીર જોઈ શકતાં નહોતાં.

રિયાના જન્મદિવસના અઠવાડિયા પહેલાં જ એમની યોજનાઓ ચાલુ થઈ જતી. એને આ વખતે શું ગિફ્ટ આપવી, એને એ દિવસે પહેરવાના ડ્રેસની ખરીદી ક્યાંથી કરવી, એની કઈ-કઈ બહેનપણીઓ આવવાની છે એનું લિસ્ટ, વગેરે,વગેરે.

પણ આ વખતે રિયા જરા મૂંઝાયેલી લાગતી હતી. આમ તો કોલેજના પહેલા વર્ષમાં પ્રવેશેલી રિયામાં બદલાવ તો આવી ગયો હતો પણ એનો અહેસાસ હવે નરોત્તમભાઈ અને સુશીલાબેનને થયો. નરોત્તમભાઈએ જ્યારે રિયાને પૂજા માટે પંડિતજીને બોલાવવાનો ટાઈમ પૂછ્યો ત્યારે એના ચહેરા ઉપર સહેજ સંકોચ હતો, ''પપ્પા, ડોન્ટ માઈન્ડ પણ મારે મોર્નિંગ કૉલેજ છે એ તમને ખબર છે ને મારા બધા ફ્રેંડ્સ સવારે જ મને કૉલેજમાં વિશ કરવા માંગે છે તો આ વખતે પૂજાનું રહેવા દઈએ તો....'' સુશીલાબેનના ચહેરા ઉપર કચવાટ તરી આવ્યો એ જોઈને નરોત્તમભાઈ ફિક્કું હસ્યાં, ''સુશીલા, એની વાત બરાબર છે. હવે એ નિશાળે જતી નાનકડી ઢીંગલી નથી રહી. એને પણ એના મિત્રોની ઈચ્છાનું માન રાખવું પડે ને!''

વાતાવરણ થોડું ગંભીર થઈ ગયું હતું એટલે સુશીલાબેને એમાં હળવાશ રેડવાની કોશિશ કરી, ''તને આ વખતે શું ગિફ્ટ આપવી એ જ વિચાર અમે પાંચ દિવસથી કરી રહ્યાં છીએ. સલવાર-કમીઝ જ ગમશે ને કે બીજું કંઈ?'' રિયાના ચહેરા ઉપર અણગમો છવાઈ ગયો, ''ઓહ નો મમ્મી, હવે કોણ કૉલેજમાં સલવાર-કમીઝ પહેરે છે? તમે કંઈ પણ ના લાવતાં. આ બધું હવે આઉટ-ડેટેડ લાગે છે. મારી અને તમારી પસંદ મેચ ના થાય તો પાછું....''

આગળ વધુ પૂછવાની તો બંનેમાંથી કોઈની પણ હિંમત રહી નહોતી. છતાં બીતાં-બીતાં સુશીલાબેને પૂછી લીધું, ''રિયા, તારી કેટલી બહેનપણીઓ આવશે? આ તો શું કે મને જરા અંદાજ આવી જાય કે મારે કેટલાનું જમવાનું બનાવવાનું છે.'' જવાબમાં રિયાના રૂપાળા ચહેરા ઉપર ઉમંગ છવાઈ ગયો, ''ડોન્ટ વરી મમ્મી, મારા ફ્રેંડ્સ કહેતા નથી પણ મને ખબર છે કે એ લોકો મને સરપ્રાઈઝ આપવા સાંજે આવશે જ. અને કેક લીધા વગર તો આવે જ નહીં! પછી અમે બહાર જ ડિનર....''

હવે કંઈ પૂછવાપણું રહ્યું નહોતું. રાત્રે પરવારીને પોતાના રૂમમાં સૂવા જતી વખતે સુશીલાબેનને બાજુના રૂમમાં ફોન પર ધીમેથી વાત કરી રહેલી રિયાનો સ્વર સંભળાયો, ''આઈ નો સ્વીટી, તમે બધાં મને સરપ્રાઈઝ આપવા આવશો જ! તું, વિકી, શીલુ, આયુષ- બધાં ચાર-પાંચ દિવસથી મારી પીઠ પાછળ ગૂસપૂસ કરતાં હોવ છો એ શું મને ખબર નથી? અને નિક તો આવ્યા વગર રહે જ નહીં ને! પણ માય મોમ-ડેડ....એટલાં જૂનવાણી છે ને ....વેરી ઓર્થોડોક્સ, યૂ નો....નિકની આગળ મને બહુ શરમ આવે છે? એ શું વિચારશે એમને મળીને?''




સુશીલાબેનનું હદય એક ધબકારો ચૂકી ગયું. આ નિક ઉર્ફે નિખિલ બધાં ફ્રેંડ્સમાં દિકરીનો જરા વધારે ''ફેવરિટ'' હતો એનો એમને અંદાજ હતો પણ પોતે અને રિયાના પપ્પા આટલાં બધાં ''જૂનવાણી'' છે એની એમને આજે જ ખબર પડી હતી.

રાત્રે પતિને એમણે સ્વસ્થતાપૂર્વક સમજાવ્યું, ''જુઓ, રિયા હવે મોટી થઈ. એને એના મિત્રો સાથે જન્મદિવસે મોજ-મસ્તી કરવી હોય અને આપણે એમાં આડાં આવીએ એ બરાબર નહીં. આપણે એ સમયે આપણા રૂમમાં આખા મહિનાનો ઘરખર્ચ ગણવાનો બાકી છે એ કામ પતાવી દઈશું.'' પતિ સાનમાં સમજી ગયા.

બીજા દિવસે બંનેએ રિયા આગળ જાહેર કરી દીધું, ''તને વાંધો ન હોય તો કાલે અમે અમારું કામ જરા પતાવી દઈએ. તારા મિત્રોને ન મળી શકીએ તો તું ખોટું નહીં લગાડે ને?''

રિયાએ માંડ-માંડ પોતાનો આનંદ છુપાવ્યો, ''ના, ના, તમારું કામ પહેલું. બધાં ફ્રેંડ્સ તો આવશે જ ને! ફરી કોઈ વાર મળી લેજો એમને.''

બીજા દિવસે સાંજે પતિ-પત્ની ''ઘરખર્ચનો હિસાબહ્લ કરવા બેઠાં. બહાર રિયાની ધારણા મુજબ મિત્ર-મંડળ આવી પહોંચ્યું હતું અને મજાક-મસ્તીની છોળો ઊડી રહી હતી. પણ રિયાની નજર બારણાં પર ચોંટેલી હતી. નિક આવવો જ જોઈએ ને કેક લાવવો જ જોઈએ.

નિક આવ્યો પણ ખરો અને કેક લાવ્યો પણ ખરો. રિયાના ચહેરા ઉપર ગુલાબ ખીલી ઊઠ્યાં. નિકે કેકનું બોક્સ ખોલ્યું. મિત્ર-મંડળ વર્તુળાકારે ગોઠવાઈ ગયું. પણ આ શું? રિયાના ચહેરા ઉપરથી ગુલાબ ખરી પડ્યાં. અચાનક હોળીની જવાળાનું આગમન થઈ ગયું. ''નિક, તને ખબર નથી, મને યલો ગુલાબ ગમતાં નથી? આ કેકમાં તેં યલો કલરનું ગુલાબ ગોઠવેલું જોયું નહોતું? મને એમ કે તું રેડ રોઝ મૂકાવડાવીશ.'' જવાબમાં નિક પણ છેડાઈ પડ્યો, ''ઈટ્સ ઓકે, ખબર નહોતી તો નહોતી. એનો ઈશ્યૂ ના બનાવ.'' પાર્ટી પાર્ટીની જગ્યાએ રહી અને ગંભીર વાતાવરણમાં એક પછી એક બધાં મિત્રો જાતે જ વિદાય થઈ ગયાં.

રિયા મા-બાપ આગળ આવીને રડી પડી, ''પપ્પા, નિખિલે મારી પસંદગીનો ખ્યાલ તો રાખવો જોઈએ ને? તમને કેવી ખબર છે કે મમ્મીને ક્યા કલરનું ગુલાબ ગમે!'' નરોત્તમભાઈ હસી પડ્યા, ''મને ક્યાં ખબર છે કે તારી મમ્મીને કેવા કલરનું ગુલાબ ગમે છે! મેં કોઈ દિવસ પૂછ્યું નથી ને એણે મને કહ્યું નથી!'' આશ્ચર્યથી તાકી રહેલી રિયાને સુશીલાબેને હસતાં-હસતાં ધીમેથી બાથમાં લીધી, ''બેટા, અમે જૂનવાણી છીએ ને એટલે!''

# એક વાર મારા દાદાના દાદાને રસ્તામાં ભૂત મળ્યું'તું...

બાળપણમાં અમે લોકો જ્યારે પણ કોઈ સંબંધીના ઘરે રોકાવા જતાં ત્યારે એક પ્રોગ્રામ નક્કી રહેતો. રાત્રે બધા ભાઈ બહેન ભેગા મળીને ધાબે ચઢતા અને મોડી રાત સુધી પછી ચાંદામામાને જોતાં જોતાં વાતો કરતાં.

અમારી વાતો પાછી કેવી? નવાઈ લાગે એવી નહીં, કોઈ ચતુરાઈ ભરી કે રાજારાણીની નહીં, ભણવાની તો બિલકુલ નહીં પણ બીક લાગે એવી ચર્ચા કરવાની, ભૂતની વાતો કરવાની અમને ગમતી. રાતના પાણી પીવું હોય કે બાથરૂમ જવું હોય તોય પથારી છોડી ઊભા થવાની હિંમત ના થાય એટલું બધું બી જવાની એવી તો મજા આવતી! અમે લોકો જો કે સારા અને સંસ્કારી બાળકો હતાં એટલે કોઈને હાથે કરીને ડરાવવાનો પ્રયત્ન નહોતા કરતાં. મનમાં ઈચ્છા તો ઘણીય થતી કે પિક્રીનાં ખાટલા નીચે છુપાઈ જઈ વિચિત્ર અવાજ કાઢીએ કે પછી મુન્નો જેવી ચાદર ઓઢે એવી જ એને એક બાજુથી ખેંચી લઈએ અને પછી ભાગી જઈએ પણ અમે એવું કર્યું નથી. અમે લોકો બસ બેઠા બેઠા વાતોના વડા કર્યે જતાં. એકની વાત પૂરી થાય એટલે બીજાની, આગળ કહેલી બધીય વાત કરતા વધારે મજેદાર એવી, નવી વાત ચાલું થતી. એમાં એક વાતની મને ત્યારે ખૂબ નવાઈ લાગતી. લગભગ દરેકના ઘરમાં કોઈ એક એવું સભ્ય અચૂક રહેતું જેને અડધી રાત્રે રસ્તામાં ભૂત મળ્યું હોય અને ભૂતે એમની પાસે બીડી કે માચીસ માંગી હોય...પછી ભડકો થઈને ઉડી ગયું હોય.

ક્યાંક કોઈ વળી હોસ્ટેલમાં રહી આવ્યું હોય તો ત્યાં તો નક્કી એવું કોઈ ને કોઈ સ્થળ હોય જ જયાં ભૂતોએ એમનો અડ્ડો જમાવ્યો હોય. એકાદ ઓરડો એવો રહેતો જેની બહાર હંમેશા તાળું લટકતું રહેતું હોય અને એમાં કોઈ જાય તો એ પાછું ના આવે કે હંમેશા માટે ગાંડુ થઈ જાય એવી વાતો ઉડતી રહેતી. આપણા ઘરની જે પણ વીર વ્યક્તિ એ હોસ્ટેલમાં રહીને આવી હોય એણે ત્યાં કેટલા ભૂત જોયા કે કેટલાને ત્યાં ગાયબ કે ગાંડા થઈ જતાં જોયા એ બધું એની કલ્પના શક્તિ પર નિર્ભર રહેતું. ઘરમાં ભલે કોઈ સાચુકલું બહાદુર માણસ હોય, ના હોય પણ કોઈ નીતનવી વાતો ઉપજાવી કાઢે એવું મળી જાય તો મજા મજા આવી જતી.

વાતોમાં ને વાતોમાં રાતનો એક દોઢ ક્યારે થઈ જતો એનુંય કોઈને ભાન ના રહેતું. મોટા લોલકવાળી ઘડિયાળમાં બે વાગ્યે બે ટકોરા પડતા ત્યારે ફળીમાનાં કૂતરા જોર જોરથી ભસવાનું ચાલું કરતાં. એ ઘડિયાળના ટકોરા જાણે એમનું એલાર્મ ના હોય. કૂતરાનો અવાજ સાંભળી અચાનક જ અમારી વાતોનો વિષય બદલાઈ જતો.

કોઈ વળી કહેતું કે કૂતરાને યમરાજ દેખાય છે, એ એમને જોઈને જ અડધી રાત્રે ભસતા હોય છે અને પછી અમે બધા ધાબાની પાળી એ લટકતા કૂતરા કોના ઘરની બહાર ઊભા ભસી રહ્યા છે એ જોવા ઊભા રહી જતા. ''પેલા રામજીકાકાની તબિયત કેટલાય વખતથી સારી નથી, નક્કી આજે એમનો નંબર છે.' કોઈક કહેતું અને તરત જ એની વાતનો વિરોધ કરતું કોઈક બીજું કહેતું, ''રમજીકાકા તો બે વરસના જઉં જઉં કરે છે એમને કંઈ નથી થતું. કોઈક પેલા શકરીબાને ઉઠાવી જાય તો શાંતિ!'

બધા ડોળા ફાડીને એ શકરીબાના વેરીને તાકી રહેતા ત્યારે જવાબ મળતો, ''એ મારી દડી એના ઘરમાં જાય તો પાછી નથી આપતા.'' અમે બધા ખડખડાટ હસી પડતા અને ત્યાં જ નીચેથી કોઈ વડીલ બૂમ મારતા, ''ઊંઘી જાઓ લ્યા બધાય, આ શેની વાતો માંડી છે? ભૂત અને ચુડેલ સિવાય કોઈ વાતો નથી તમારી પાસે?''




''કાકા તમને અમારી વાતો સાંભળી બીક લાગી ગઈ ને?'' બટક બોલી ડોલી બોલી ઉઠતી અને કાકા આગળ કંઈ કહે એ પહેલાં અમે બધા ત્યાંથી ભાગી જઈ પથારી ભેગાં થઈ જતાં. રાતના પછી એવી તો મીઠી નીંદર આવતી કે સવારે સૂરજ દેવ આગના ગોળા જેવા તપવા લાગે તોય આંખો ના ઉઘડતી.

આજે એ વાતો યાદ કરું તો થાય છે કે અડધી રાત્રે રેલ્વે ટ્રેક કે ફાટક પર એમના દાદા/કાકા શું કરવા ગયા હતા? એ લોકો બીડી શું કામ પીતા હતા? જો એ અડધી રાત્રે બહાર ના જાત કે ગજવામાં બીડી/માચીસ ના રાખત તો એમને ભૂતનો ભેંટો ના જ થાત. થોડીકવાર માટે બધી સમજણને બાજુએ મૂકી દઉં તો પછી હજી એ બધું જૂનું વિચારીને મનમાં આનંદ અનુભવાય છે. થાય છે કે એ છેતરાઈ જવાની પણ એક મજા હતી. બાળપણમાં લગભગ દરેક ત્રીજા બાળક પાસે એક સરસ વાર્તા હોય છે. અવનવી કલ્પના હોય છે. એમને બસ કોઈ એમની વાતો રસથી સાંભળવા વાળું મળી જાય એટલે પછી એ કલ્પનામાં નવા નવા રંગ ઉમેરાતા જ જાય, ઉમેરાતા જ જાય...

એ બચપણની વાતો અને એ સમયે કલ્પનાના ઘોડા દોડાવવાની જે આદત પડી ગયેલી એ ત્યારે તો અનહદ આનંદ આપતી જ હતી આજે પણ કામની છે. એ વાતો વાતોમાં વાર્તા ઘડી કાઢવાની જે ટેવ પડી ગયેલી એને લીધે જ તો હું આજે લખી શકું છું અને તમે મારો આ લેખ વાંચી રહ્યા છો! ટીવીમાં એક જાહેરાત આવે છે, કશુંય ના કરીને પણ બીજાની મદદ કરી હોય એવું એમાં બતાવે છે. અમે લોકો બેઠા બેઠા વાતો કરતા અને એ નવરાશ ભરી પળોમાં કશુંય ના કરવાથી જ મને લેખનનો ચસકો લાગ્યો, ચંપક અને સફારી જેવા સામાયિક વાંચવાની ટેવ પડી, બીજી રીતે કહું તો કશુંય ના કરીને હું ઘણું શીખી!

**અમસ્તું,**

બાળપણમાં કરેલી મજામાં ભૂત પણ ખૂબ અગત્યનું અને રસપ્રદ પાત્ર છે!

@KapadiaNiyati